પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

## :: જાહેરનામુ ::

## :: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ ::

**ક્રમાંક:એસ.બી./ ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/ ૧૩૩/ ૨૦૨૨**

સુરત શહેરમાં આગામી દિવસોમાં વિવિધ ધાર્મિક તહેવારો આવતા હોય તેમાં તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશ્નરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

## :: પ્રતિબંધીત કૃત્યો ::

સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

## :: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

## :: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા.૨૫/૦૮/૨૦૨૨ ના ક.૦૬-૦૦ થી તા.૦૮/૦૯/૨૦૨૨ ના ક.૨૪-૦૦ વાગ્યા** સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે

. આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## :: જાહેર વિજ્ઞપ્તિ ::

હું આથી આદેશ આપુ છું કે,આ હુકમ ની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈ થી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :-૨૩/૦૮/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧,૨ સુરત શહેર.

(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક અને ક્રાઇમ સુરત શહેર.

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ, સુરત શહેર.ઙ

(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર. (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.

(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**<u>સવિનય નકલ રવાના :-</u>**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત **( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)**